પ્રાંતિજના અમીનપુર ગામે પાણીના બોરની મોટર બળી જતા ગામજનો પાણી માટે વલખાં મારે છે, ત્યારે તંત્ર દ્વારા હોતા હે ચલતા હે ની સ્થિતિ રાખતા યંત્ર યુગમાં પણ મહિલાઓ માથે બેડાં મુકીને ખેતરોમાં પાણી ભરવા જવું પડે છે અને તંત્ર દ્વારા ટેન્કર કે અન્ય સુવિધા ન મળતા વિકાસ કેટલો થયો છે તે આ તસવીર ઉપરથી જ ખબર પડે છે. હજુ મહિલાઓ આધુનિક યુગમાં પણ ૫૦ વર્ષ પાછળ ધકેલાતી હોય તેવું તસવીર ઉપરથી સ્પષ્ટ જણાઈ આવે છે.

પલ્લાચર ગામે જીઈબીની બેદરકારીને કારણે ૬.૨૦ લાખના વીજ યંત્રો બળીને ખાખ

ટીવી, ફ્રીઝ, એલઈડી, આરો મશીન, કોમ્પ્યુટર સહિતના કિંમતી ઉપકરણો બળી જતા રહિશોમાં ભારે રોષ

પ્રાંતિજ, તા. ૧૪

પ્રાંતિજ તાલુકાના પલ્લાચર ગામે છેલ્લા બે દિવસથી ડી.પી.માં વિજ પ્રવાહ વધ ઘટ થતાં પલ્લાચર દૂધ મંડળીમાં એક દિવસ અગાઉ બે કોર્પોરેશન બળી ગયા અને બીજા દિવસે રિપેરીંગ માટે આવતા વાયરમેનો દ્વારા ચાલુ વિજપ્રવાહ સાથે ડી.પી.માં રીપેરીંગ કરતાં ઉમીયાનગરમાં આવેલ બે ફડીયાના રહિશોના મોંઘા વિજયંત્રો બળી ગયા જેમાં કુલ ૬ લાખ ૨૦ હજારનું નુકશાન થયું છે.

પલ્લાચર ગામે એક જ ડીપીમાંથી વિજ પ્રવાહ આપવામાં આવતાં ડીપી લોડ ક્ષમતા કરતા વધી જતા અવારનવાર વધઘટ થતા પલ્લાચર દૂધ ડેરીના ચેરમેન વિષ્ણુભાઈ પટેલની રજુઆત છતાં જીઈબી દ્વારા નિષ્ઠાપૂર્વક ધ્યાને ના લેતા દૂધ મંડળીમાં આવેલ દૂધ ઠંડુ કરવાના ચિલરના બે કોર્પોરેશન જેની કિંમત ૬૦ હજારએવા બે કુલ ૧,૨૦૦૦૦ બળી ગયા છે. જ્યારે બીજા દિવસે વિજકંપનીના હેલ્પરો સ્થળ ઉપર આવીને ચાલુ વિજ પ્રવાહમાં ડીપી જોડે બોડમાં રીપેરીંગ કરતા હતા તે સમયે અચાનક ધડાકા સાથે અવાજની સાથે ઉમીયાનગરમાં ડીપીમાંથી પસાર થતા વિજવાયર વાળા વિસ્તારોમાં બે ફડીયામાં રહીશોને ઘરમાં રહેલા મોંઘા ઈલેટ્રોનિક ઉપકરણો જેવા કે ફ્રીઝ, ટીવી, એલઈડી, એ.સી., કોમ્પ્યુટર, આરો મશીન, ઈલેક્ટ્રોનિક દિવાલ ઘડીયાળ સહિતના ઉપકરણો બળીને સ્વાહા થઈ જતા રહીશોને પાંચ લાખનું નુકશાન થયુ. જ્યારે આ અંગેની જાણ પ્રાંતિજ ઉત્તર ગુજરાત વિજ કંપનીની ઓફિસમાં એન્જીનીયર ઉપાધ્યાય સહિત ટીમ ઘટના સ્થળે દોડી આવ્યા હતા. જ્યારે વિજગ્રાહકો વિજયંત્રોનુ નુકશાનનું વળતર મેળવવા ગ્રાહક સુરક્ષાનો દરવાજો ખખડાવે તો નવાઈ નહી અને શું વિજકંપની દ્વારા બળી ગયેલા વિજયંત્રોની નુકસાનીનુ વળતર આપશે કે કેમ એ હવે જોવાનુ રહ્યુ.

રહિશોનું શું કહેવું છે

વિજકંપનીના માણસોની ભુલના કારણે અમારા બે ફડીયામાં રહીશોના ઘરે લગાવાયેલા કિંમતી ઈલેક્ટ્રોનિક ઉપકરણો બળી ગયા છે અને જો વિજપ્રવાહના અમારી જોડેથી પૈસા લેવામાં આવતા હોય તો અમને અમારા કિંમતી ઈલેક્ટ્રોનિક ઉપકરણો ઉપર વળતર મળવુ જોઈએ.

વિજ કંપનીના એન્જીનીયર એમ.ડી. ઉપાધ્યાયનું શું કહેવું છે

કોઈપણ કારણોસર ફોલ્ટ થયો હોય તો આ વસ્તુ શક્ય બને તેમ છે જ્યારે મોટા ભાગે આવુ બનતુ નથી અને પહેલા ડીપી ઉપરથી લંગરીયા પડી જાય છે પછી લાઈટ પ્રવાહ બંધ થઈ જાય છે અને આગળ લાઈનમાં કે કોઈ જગ્યાએ તેની અસર થતી નથી તેમ કહીને બચાવ કર્યો હતો.

ડેરીના ચેરમેન વિષ્ણુભાઈ પટેલનું શું કહેવુ છે

બે દિવસ અગાઉ ડીપીના ફ્રીજમાં વાયરો ખુલ્લા હોવાથી સ્પાર્ક મારતા મેં રજુઆત કરી હતી અને છતાં તંત્ર દ્વારા ધ્યાને ના લેતા રવિવાર છે આજે કોઈ આવે તેમ નથી તેવા વાહિયાત જવાબ આપતા આજે ગામની ડેરીના બે દૂધ ઠંડા કરવામાં આવતુ ચિલરના કોર્પોરેશન બળી જતાં ડેરીને એક લાખ વીસ હજારનું નુકશાન થયું છે અને ગામમાં મોંઘા ઈલેક્ટ્રોનિક ઉપકરણો બળી જતાં પાંચ લાખથી વધુ નુકશાન થયું છે.

પાલનપુરના આકાશ મહેતાની રાષ્ટ્રીય ફૂટબોલ ટીમમાં રેફરી તરીકે પસંદગી

ભારતના ત્રણ રેફરીમાં રાજ્યમાંથી પાલનપુરના એક માત્ર આકાશ મહેતા

પાલનપુર, તા. ૧૪

ભારતમાંથી ફૂટબોલમાં રેફરી માટે ત્રણ યુવાનોની પસંદગી થઈ હતી જેમાં ગુજરાતમાંથી પાલનપુરના આકાશ મહેતાની પસંદગી થતા યુવાને રાજ્ય તેમજ બનાસકાંઠા જિલ્લાનું ગૌરવ વધાર્યું છે.

તાજેતરમાં એશિયન ફૂટબોલ ફેડરેશન દ્વારા અન્ડર ફોર્ટીન ફૂટબોલ ટૂર્નામેન્ટ યોજાઈ હતી. જેમાં એશિયા ખંડમાંથી ભારત, અફઘાનિસ્તાન, તજાકિસ્તાન, નેપાળ અને ઈરાન જેવા દેશોએ ભાગ લીધો હતો. આ ફૂટબોલ ટૂર્નામેન્ટમાં ભારતમાંથી ત્રણ રેફરીઓની નિમણૂંક કરવામાં આવી હતી. જેમાં ગુજરાતમાંથી એક માત્ર પાલનપુરનો આકાશ મહેતાની પસંદગી થઈ હતી.

પાલનપુરના આકાશ કમલેશકુમાર મહેતા નાનપણથી ફૂટબોલની રમતનો શોખ ધરાવતો હતો. પાલનપુરમાં અંગ્રેજી માધ્યમમાં ધોરણ-૧૨ સુધી અભ્યાસ કરી વડોદરાની એમએસ વિદ્યાપીઠમાં ગ્રેજ્યુએશન કર્યું છે. આકાશ મહેતા રાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું ફૂટબોલ રમતની ટીમ અનેક વાર સફળતા હાંસલ કરી છે. વર્ષ ૨૦૧૩માં ફૂટબોલની રમતમાં રેફરીની પ્રથમ પરીક્ષા આપી હતી. જેમાં પાસ થયા બાદ પ્રોજેક્ટ ફ્યુચર ઈન્ડિયાનું ઓલ ઈન્ડિયા ફૂટબોલ ફેડરેશનમાં વર્ષ ૨૦૧૪-૧૫ની બેચમાં રેફરી તરીકે આકાશ મહેતાની પસંદગી થઈ હતી.

ફૂટબોલ રમતમાં ભારત અલગ અલગ રાજ્યોમાં ૨૨ જેટલી ફૂટબોલ રમતની રેફરી તરીકે સફળ નિર્ણાયકની ભૂમિકા અદા કરનાર પાલનપુરના આકાશ મહેતાએ રાજ્ય તેમજ બનાસકાંઠા જિલ્લાનું નામ રોશન કર્યું છે. તાજેતરમાં એશિયા ફૂટબોલના ગ્રુપમાં તજાકિસ્તાનમાં ઈરાન અને તજાકિસ્તાનની ફૂટબોલની રમતમાં રેફરી તરીકે પણ કામ કર્યું છે. ભારત સરકાર દ્વારા નિમણુંક પામી રેફરી તરીકે ભારતનું પ્રતિનિધિત્વ કરનાર આકાશ મહેતાએ બનાસકાંઠા જિલ્લા તેમજ ગુજરાતનું ગૌરવ વધાર્યું છે. આકાશ મહેતાએ જણાવ્યું હતું કે ફૂટબોલ રમત ક્ષેત્રે વિશ્વનું સૌથી મોટુ ગણાતુ ફૂટબોલ ફેડરેશનનુ ફીફામાં રેફરી બનવાનું સ્વપ્ન છે.

ઓલ ઈન્ડીયા કરાટે ચેમ્પયનશીપમાં સાબરકાંઠાને મેડલ તાજેતરમાં પંચમઠી, મધ્યપ્રદેશ ઓલ ઈન્ડીયા કરાટે ચેમ્પયનશીપનું ૨૮ મે ૧ જુન દરમિયાન આયોજન કરવામાં આવ્યું હતું. જે કરાટેમાં આ સ્પર્ધામાં કોચ વાઘેલા જુજારસિંહના નેત્વૃતમાં તૈયાર થઈ સાબરકાંઠા જિલ્લામાં ખેલાડીઓનએ ગુજરાતની ટીમમાંથી ભાગ લીધો હતો. અગલ અગલ રાજયના ખેલાડીઓમાંથી માત આપી ૧૩ ગોલ્ડ મેડલ, ૧ સિલ્વર મેડલ , ૫ બ્રોન્ઝ મેડલ મેળવી સાબરકાંઠા જિલ્લાનું ના રાષ્ટ્રીયકક્ષાએ નામ રોશન કર્યુ હતું. જેમાં ખેલાડીઓ અર્ચના આયન, ભટ્ટ દક્ષ એસ., પટેલ શ્રેય, મકવાણા તોરલ, આચાર્ય આસ્થા વિગેર ખેલાડીઓ ગોલ્ડ સિધ્ધીઓ મેળવવા બદલ સાબરકાંઠા જિલ્લા કરાટે એસોશિયશનાન પ્રમુખ ગોપાલસિંહ રાઠોડ અને મહામંત્રી જુજારસિંહ કે જાધેલા અભિનંદન પાડવ્યા હતા.

સાબરકાંઠા ભાજપ દ્વારા પ્રશિક્ષણ મહાઅભિયાન હાથ ધરાશે

હિંમતનગર, તા. ૧૪

ભારતીય જનતા પાટીના સાબરકાંઠા એકમ દ્વારા પંડિત દીનદયાફ ઉપાધ્યાય પ્રશિક્ષણ મહાઅભિયાન-૨૦૧૬ અંતર્ગત સાબરકાંઠાના હિંમતનગર, ઈડર, વડાલી, પ્રાંતિજ, ખેડબ્રહ્મા, પોશીના અને વિજયનગર તાલુકાના ભાજપના કાર્યકરોને માર્ગદર્શન આપવા માટેના વર્ગ તા.૧૭ જૂનથી તા.૩ જુલાઇ સુધી વિવિધ સ્થફે યોજાશે.

જે અંતર્ગત ઈડર અને વડાલી તાલુકાના કાર્યકરો માટે તા.૧૭ અને ૧૮ જૂનના રોજ ઈડરના પાવાપુરી જલ મંદિર ખાતે પ્રશિક્ષણ વર્ગ યોજાશે. તેજ પ્રમાણે તા.૨૪ અને ૨૫ જૂનના રોજ પ્રાંતિજ શહેર અને તાલુકાના સાંપડ મહાકાલી મંદિરમાં પ્રશિક્ષણ વર્ગ યોજાશે. તેજ પ્રમાણે તા.૨૫ અને ૨૬જૂનના રોજ હિંમતનગર શહેર તેમજ તાલુકાના કાર્યકરો માટે કાંકણોલ સ્વામીનારાયણ મંદિરમાં તથા તા.૨૬ અને ૨૭ જૂને ખેડબ્રહ્માના માતાજી મંદિરમાં ખેડબ્રહ્મા શહેર, તાલુકો અને પોશીના, વિજયનગરના કાર્યકરો માટે પ્રશિક્ષણ વર્ગનું આયોજન કરાયુ છે.

ઉપરાંત તા.૨ અને ૩ જુલાઇના રોજ તલોદ શહેર અને તાલુકા માટે તલોદની પટેલ બોર્ડીંગમાં કાર્યક્રમ યોજાશે. પ્રશિક્ષણ વર્ગમાં પૂર્વ મંત્રી પ્રફુલ પટેલ, જયસિંહ ચૌહાણ, ભરતભાઇ પંડયા, રમણલાલ વોરા, રજનીભાઇ પટેલ, જે.ડી.પટેલ, રમીલાબેન બારા સહિતના અન્ય અગ્રણીઓ ઉપસ્થિત રહી કાર્યકરોને માર્ગદર્શન આપશે એમ એક યાદીમાં જયેશભાઇ પટેલ અને રાકેશભાઇ પટેલે જણાવ્યુ છે.

મહેસાણા જિલ્લામાં યોગ દિવસ ઉજવણીની સમીક્ષા

મહેસાણા, તા. ૧૪

મહેસાણા જિલ્લામાં ૨૧ જુન-૨૦૧૬ના રોજ સવારે ૬.૩૦ કલાકથી વિશ્વ યોગ દિવસની ઉજવણી થનાર છે. વિશ્વ યોગ દિવસની ઉજવણી કાર્યક્રમની સમીક્ષા બેઠક જિલ્લા કલેક્ટર આલોક કુમારના અધ્યક્ષ સ્થાને યોજવામાં આવી હતી. જિલ્લા કલેક્ટર આલોક કુમારે જણાવ્યું હતું કે વિશ્વ યોગ દિવસ આંતરરાષ્ટ્રીય કાર્યક્રમ છે. જિલ્લામાં વિશ્વ યોગ દિવસ નિર્ધારીત સ્થળો ઉપરાંત મોઢેરા સૂર્યમંદિર, તાના-રીરી, તારંગા હિલમાં યોજવા માટેના સુચનો કલેક્ટરે કર્યા હતા.

જિલ્લા કલેક્ટર આલોકકુમારે સી.ડી. લાઈવ ટેલીકાસ્ટ અને ડેટા એન્ટ્રી માટેની સમીક્ષા કરી હતી. જિલ્લા અને તાલુકા કક્ષાએ સંબધિત અધિકારીઓને હોર્ડિંગ્સ બેનર લગાવવા પણ સુચનો કર્યા હતા. આ ઉપરાંત પ્રાન્ત અને તાલુકા સ્તરે અલગથી બેઠક યોજાય તે માટે ખાસ તાકીદ કલેક્ટરે કરી હતી.

મહેસાણા જિલ્લા કક્ષાનો મુખ્ય કાર્યક્રમ પોલીસ પરેડ ગ્રાઉન્ડ ખાતે યોજવાનો છે. આ ઉપરાંત જિલ્લા કક્ષાએ મ્યુનિસિપલ ગ્રાઉન્ડ, ઓ.એન.જી.સી. ગ્રાઉન્ડ, દેદીયાસણ જી.આઈ.ડી.સી. અને નાલંદા હાઈસ્કૂલમાં યોજવાનો છે.

જિલ્લામાં તાલુકા કક્ષાએ યોજાનાર કાર્યક્રમોમાં મહેસાણા તાલુકા કક્ષાનો એન.જી. ઈન્ટરનેશનલ અને ગણપત યુનિ ખેરવા, ઉંઝા તાલુકા કક્ષાનો નિલકંઠ મહાવિદ્યાલય મક્તુપુર, મહાકાલી માતાનું મંદિર મહેરવાડા, વિસનગર તાલુકા કક્ષાનો સ્વામીનારાયણ ગુરૂકુલ કાંસા, વી.ડી. પટેલ વિદ્યાલય ઉમતા, વિજાપુર તાલુકા કક્ષાનો આશા સેકન્ડરી સ્કૂલ વિજાપુર, પિલવઈ કોલેજ, કડી તાલુકા કક્ષાનો રાજપુર પ્રાથમિક શાળા અને કુંડાળ પ્રાથમિક શાળા, બેચરાજી તાલુકા કક્ષાનો આદિત્ય વિદ્યાલય મોઢેરા, બહુચરાજી માતાનું મંદિર, જોટાણા તાલુકાનો શ્રી રામ સર્વ વિદ્યાલય અને સુરજબા હાઈસ્કૂલ સાંથલ, ખેરાલુ તાલુકાનો વણકર સમાજની વાડી, લીંબચ માતાની વાડી તેમજ સતલાસણા તાલુકા કક્ષાનો કાર્યક્રમ કે.એમ.કોઠારી હાઈસ્કૂલ સતલાસણા અને પ્રજાપતિ આર્ટસ કોલેજ સતલાસણા ખાતે યોજાવાનો છે.

માલપુરના અણીયોર ગામેથી પટેલીયાના મુવાડાના યુવાનનો મૃતદેહ મળતા ખળભળાટ

યુવાનના પરિવારજનોએ યુવાનનુ મોત ક્ષય (ટી.બી.)ની બિમારીએ ભોગ લીધો હોવાનુ જણાવી પોલીસ ફરીયાદ ટાળી

અરવલ્લી જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં ક્ષયની બિમારીએ લોકોમાં ભય ફેલાવ્યો છે. જિલ્લાના અંતરીયાળ વિસ્તારોમાં પ્રજાજનોને ટીબીએ માથુ ઉંચકતા રીતસરના ભરડામાં લીધા છે. રાજ્ય સરકાર દ્વારા રાજ્યના પ્રજાજનોએ ક્ષયની બિમારીમાંથી છુટકારોઅપાવવા અણીયોર પંથકમાં શોકની લાગણી ફેલાઈ હતી. જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા જિલ્લાના અંતરિયાળ વિસ્તારોમાં જરૂરી સર્વેહાથ ધરી ક્ષયની બિમારીથી પીડાતા દર્દીઓને સઘન સારવાર હાથ ધરી મોતના મુખમાં ધકેલાતા અટકાવવા જરૂરી પગલા ભરે તેવી જિલ્લાવાસીઓની માંગ ઉગ્ર બની છે.

જિલ્લાકક્ષાએ તેમજ તાલુકા કક્ષાએ ક્ષયની બિમારીથી પીડાતા દર્દીઓને વિનામૂલ્યેસારવાર આપી આ મહામારી બિમારી અટકાવવામાં અને મૃત્યુદર ઘટાડવામાં નોંધપાત્ર સફળતા મળી છે. ત્યારે મંગળવારે સવારે માલપુર તાલુકાના પટેલીયાના મુવાડાનો યુવાન ટીબીની બિમારીથી પીડાતો હતો અને ટીબીની બિમારીથી અણીયોર ગામ નજીક મૃત હાલતમાં મળી આવતા ઈમરજન્સી એમ્બ્યુલન્સને જાણ કરાતા એમ્બ્યુલન્સ આવે તે પહેલા જ યુવાનનુ પ્રાણપંખેરૂ ઉડી જતા ગામલોકોએ આ ઘટનાની જાણ માલપુર પોલીસ તેમજ મૃતકના મોબાઈલ દ્વારા તપાસ કરતા આ યુવાન પટેલીયાના મુવાડાનો હોવાનુ જાણવા મળ્યુ હતુ. યુવાનનુ નામ રાજેશભાઈ રમતુભાઈ પટેલીયા (ઉં.વ.૪૦) હોવાનું અને મૃતક યુવાન ટીબીની બિમારીથી પીડાતો હોવાનુ જણાવ્યુ હતુ. તેમજ મૃતક યુવાનનું મોત ટીબીથી કુદરતી રીતે નિપજ્યુ હોવાનુ જણાવી પોલીસ ફરિયાદ કરવાનુ ટાળ્યુ હતુ. મૃતક યુવાન તેના વતનથી મોડાસા તાલુકાના રૂપણ ગામેતેની ફોઈ મધીબેન માનાભાઈ મકવાણાના ઘરે મહેમાન ગતિ આવી મંગળવારે વહેલી સવારે પોતાના વતન તરફ જતા તેના બાળકો માટેફળફળાદી અનેશાકભાજી ખરીદી અણીયોર પાસેથી પગપાળા પસાર થતો હતો ત્યારે અચાનક ક્ષયની બિમારીના લીધે લોહીની ઉલટીઓ થતા સીંચાઈ વિભાગના મકાન નજીક ફસડાઈ પડતા અકાળે મોત નિપજ્યુ હતુ.

ગુજરાત રાજ્ય સરકારના દાવાઓ પોકળ : અરવલ્લી જિલ્લામાં બ્લોક હેલ્થ ઓફીસર અને તબીબોની ઘટ ચાર્જથી ચલાવવા પડે છે

અરવલ્લી જિલ્લાના સરકારી દવાખાનાઓમાં અપુરતા સ્ટાફ અને તબીબીના અભાવે જિલ્લાના પ્રજાજનોને ન છૂટકે મોંઘીદાટ સારવાર લેવી પડે છે. તેમજ કેટલાક જરૂરીયાતમંદવાળા લોકો અને ગરીબ દર્દીઓ સારવારના અભાવે મૃત્યુ નિપજવાની ઘટનાઓ પણ ઘટતી હોય છે. ગતિશિલ ગુજરાતના આરોગ્ય વિભાગની સ્થિતિ કથળી ગઈ છે. લ્યો બોલો અરવલ્લી જિલ્લાની માલપુર તાલુકાની બ્લોક હેલ્થ ઓફીસ પણ ઈન્ચાર્જમાં ચાલતી હોય તો અન્ય સરકારી દવાખાનાની હાલત કેવી હશે તે વિચારવુ રહ્યુ.

આધારભુત સુત્રોના જણાવ્યા અનુસાર માલપુર તાલુકાના અણીયોર ગામમાં આવેલી વાત્રક કોલોની સિંચાઈ વિભાગ વાત્રક જળાશય યોજના પેટા વિભાગ-૧ ઉના મકાન નજીક મંગળવારે સવારે ૮.૩૦ કલાકે યુવાનનો મૃતદેહ બિનવારસી હાલતમાં પડી રહ્યો હોવાની જાણ ગામલોકોને થતા ગામલોકો ઉમટી પડ્યા હતા. યુવાન જીવંત હોવાનુ જણાતા ૧૦૮

તલોદ મામલતદાર કચેરીમાં ઈન્ટરનેટ કનેક્ટીવીટી ઠપ્પ થતા અરજદારો પરેશાન

તલોદ મામલતદાર કચેરીમાં છેલ્લા પાંચ દિવસથી બીએસએનએલની ઈન્ટરનેટ કનેક્ટીવીટી ઠપ્પ થઈ જતા દરરોજ હજારોની સંખ્યામાં કચેરીમાં આવતા અરજદારોને ધરમધક્કા ખાવાનો વારો આવ્યો છે. ઈન્ટરનેટ સેવા બંધ રહેતા અનેક એવા આવશ્યક દાખલાથી વંચિત રહી ગયેલા વિદ્યાર્થીઓ શાળા કોલેજોના પ્રવેશથી પણ વંચિત રહી જાય તેવી સ્થિતિનું નિર્માણ થતા અરજદારોમાં ભારે આક્રોશની લાગણી ઉદ્ભવી હતી. જો કે આજે બપોર બાદ ઈન્ટરનેટ ઓનલાઈન સેવા પુનઃ શરૂ થઈ જતા અરજદારોએ રાહતની લાગણી અનુભવી હતી.

દલપુર રાજનગર પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

પ્રાંતિજ તાલુકાના દલપુર ગામની રાજનગર પ્રાથમિક શાળામાં જિલ્લા પ્રા. શિક્ષણાધિકારી એચ.એલ. રાવલની રાહબરી હેઠળ તથા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી ટી.કે. વાઘેલાના માર્ગદર્શન હેઠળ કન્યા કેળવણી તથા શાળા પ્રવેશોત્સવ યોજાયો. આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે ફતેપુરા હાઈસ્કૂલના આચાર્ય શિવુભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પ્રાર્થના સંમેલન, યોગ તથા નવા પ્રવેશ મેળવેલ બાળકોને શિક્ષણકિટ વિતરણ તથા કન્યા કેળવણી જેવા કાર્યક્રમનું નિરીક્ષણ કરવામાં આવ્યું હતું. જેમાં લાયઝન અધિકારી સીસોદિયા સોનલબેન દ્વારા શાળાના તેજસ્વી તારલાઓનુ સન્માન કરી શાળાની પ્રવૃત્તિ તથા શાળાનો વિકાસ કરનાર શાળાના આચાર્ય મિસ્ત્રી કમલેશકુમાર રમેશચંદ્રનું સન્માન તથા શિક્ષકગણને બિરદાવવામાં આવ્યા હતા.